ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



# પાટનગરના પગથારેથી

- મનોજ મ.શુક્લ

## ચંદ્રયાન-3 + નિલેશ દેસાઈ + ગાંધીનગર


પ્લોટ નં.૧૭૮/૨, શાંતિકુંજ સોસાયટી, રાજમંદિર ફ્લેટ પાસે,સેક્ટર -૨૯,ગાંધીનગર. આ સરનામું ગાંધીનગરાઓ માટે ગૌરવ લેવા જેવુ ગણાવી શકાય.તેનું કારણ એ છે કે ચંદ્રયાન-૩ની સફળ અને ગૌરવવંતી ટીમના સભ્ય અને અમદાવાદ સ્થિત ઈસરો સંસ્થાના નિયામક તરીકે જાન્યુઆરી-૨૦૨૧થી ફરજ બજાવતા તથા ગાંધીનગરનાં સંતાન ગણી શકાય તેવા નિલેશ દેસાઈ આ સ્થળે રહે છે.ઈસરોના ડાયરેકટર તરીકે અત્યાર સુધીમાં માત્ર ત્રણ જ ગુજરાતીઓની નિમણૂંક થઈ છે તે પૈકીના નિલેશ દેસાઈ એક છે.મૂળ વાત એવી છે કે નિલેશના પિતા મહેન્દ્ર દેસાઈ સેક્ટર-૩૦માં આવેલી ઉદયભાણસિંહજી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોઓપરેટીવ મેનેજમેન્ટ માં પ્રાધ્યાપક અને માતા આશા દેસાઈ કેન્દ્રિય વિદ્યાલયમાં પ્રાથમિક શિક્ષિકા હતા.નિલેશ દેસાઈ ૧૦મા ધોરણમાં હતા ત્યારથી નવસારીનું આ અનાવિલ કુટુંબ ગાંધીનગરમાં વસે છે.એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાંથી ઈલેક્ટ્રોનિક અને કમ્યુનિકેશનનો વિષય લઈને ઈજનેરની ડીગ્રી મેળવનાર દેસાઈએ આ નગરની પરંપરા પ્રમાણે ગાંધીનગરથી એલ.ડી.કોલેજ સુધી દરરોજ બસમાં આવ-જા કરીને પોતાનો વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો છે.નાનપણથી ઉજ્જવલ શૈક્ષણિક કારકિર્દી ધરાવતા નિલેશ દેસાઈના કુટુંબમાં પત્ની અમી,બે દીકરા તન્મય અને જય છે.એ બન્ને પણ એન્જિનિયર થઈ ગયા છે.આવા એક તેજસ્વી વૈજ્ઞાનિક પાટનગરમાં વસે છે તે આનંદનો વિષય છે.





## અધ્યક્ષ શંકર ચૌધરીની ઈ-વિધાન અંગેની પ્રતિબધ્ધતા

૧૯૯૭મા રાધનપુર બેઠકની વિધાનસભાની પેટા ચૂંટણીમાં ગુજરાતનાં દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા સામે માત્ર ૨૭ વર્ષની વયે ભા.જ.પ.ના ઉમેદવાર બની આખા ગુજરાતમાં જાણીતા બની ગયેલા શંકર ચૌધરી તે પછી ૧૯૯૮ થી ૨૦૧૨ સુધી સતત વિધાનસભામાં ચૂંટાતા આવ્યા છે.અગાઉ ગુજરાત સરકારના વિવિધ વિભાગોમાં મંત્રી તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવી ચૂકેલા શંકર ચૌધરી હાલ વિધાનસભાનાં અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે.શંકર ચૌધરી ઉત્સાહી નેતા છે.નવુ કરવાની ધગશ ધરાવે છે અને તે કારણે જ તેઓ ગુજરાત વિધાનસભાને પેપરલેસ વિધાનસભા બનાવવાનાં ભરચક પ્રયત્ન કરી રહ્યા છે.'ઈ-વિધાન' શિર્ષક તળે તેઓએ આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.જો બધું સમુતરૂ પાર પડશે તો સપ્ટેમ્બર -૨૩મા મળનાર વિધાનસભા સત્રથી જ પેપરલેસ કામગીરીનો સંભવતઃ પ્રારંભ થઈ જશે.આ યોજનામાં થોડું આગળપાછળ થાય એવું બને.પણ આ અંગે શંકર ચૌધરીનો ઉત્સાહ અને આગ્રહ તો પ્રશંસનીય છે એ નક્કી.



## રાઘવજી પટેલની કેબિનેટ મંત્રી તરીકેની ફરજ નિષ્ઠા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં મંત્રીમંડળના કેટલાંક પ્રધાનો જાણે સરકારમાં નોકરી કરતા હોય એવી ગંભીરતાથી મંત્રી તરીકેની કામગીરી કરતા નજરે પડે છે.રાજયના કૃષિ, પશુપાલન,ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનાં મંત્રી રાઘવજી હંસરાજ પટેલનો પણ તેવા મંત્રીઓની યાદીમાં સ્થાન પામે એવા છે.વાત જાણે એવી છે કે ગયા ગુરુવારે રાઘવજીને મળવા કેટલાક મિત્રો રાજકોટથી આવ્યા હતા.તે સર્વેને મંત્રીની એન્ટી ચેમ્બરમાં લઈ જવાયા તો રાઘવજી પટેલ પાછળની બાજુએ માથું ઢળેલું રહે એ રીતે તકિયાને અઢેલીને,આંખ મીંચીને અને લાંબા પગ કરીને બેઠા હતા.મુલાકાતીઓને રાઘવજીએ જણાવી દીધું કે ડો.કોરવાલ પાસે મારી આંખની સારવાર ચાલે છે અને એ સારવારનાં ભાગ રૂપે મેં આંખમાં દવાના ટીપા નંખાવ્યા છે એટલે હું હમણાં થોડીવાર આંખ ઉઘાડી નહીં શકું પણ તમારી રજુઆત જરૂર સાંભળીશ અને એ અંગે યોગ્ય કરીશ.આવુ કેમ કરો છો?ઘરે આરામ કરતા હો તો! એવું એક મુલાકાતીએ કહ્યું તો તેનાં જવાબમાં રાઘવજીએ જણાવ્યું કે મારા મતવિસ્તારમાં થી દરરોજ અનેક લોકો મને મળવા આવે છે એ બધાંને જો હું ન મળી તો નિરાશ થઈને પાછા જાય.વળી,એ બધાં સચિવાલયના ૪-૫ કામ લઈને આવ્યા હોય એટલે જો બંગલે બોલાવું તો તેમનો કલાક બગડે.એ કરતા અહીં બેસીને કામ કરવું સારું.આ સાંભળીને સમજાય કે રાઘવજી પટેલ શા માટે છેલ્લી ૬-૭ ટર્મથી ચૂંટાઈને ધારાસભ્ય બની શકતા હશે!



## આઈ.પી.એસ.અધિકારી રવિ તેજાની કાર્યનિષ્ઠા

જુનાગઢ જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ તરીકે તા. ૦૬/૦૮/૨૦થી ફરજ બજાવતા ગુજરાત રાજ્યની ૨૦૧૫ની બેચના આઈ.પી. એસ.અધિકારી વાસમસેટ્ટી રવિ તેજાની તાજેતરમાં જુનાગઢથી ગાંધીનગર બદલી થઈ ત્યારે તેમને ત્યાં ભવ્ય વિદાયમાન આપવામાં આવેલું.આ વિદાયમાનના દ્રશ્યો જોઈને સમજાય કે રવિ તેજાની જુનાગઢમાં કેવી લોકચાહના હતી.તેજા જુનાગઢથી વિદાય થયા ત્યારે તેઓ જ્યાંથી પસાર થવાના હતા એ સમગ્ર પથ પર સર્વત્ર ગુલાબની પાંદડીઓ બીછાવાઈ હતી.સ્વયંભૂ રીતે મોટું ટોળું ભેગું થઈ ગયું હતું.સનદી અધિકારીની બદલી એ એક નિયમિત સરકારી પ્રક્રિયા છે.તેમાં બદલી થાય ત્યારે જે તે અધિકારીએ ચૂપચાપ બિસ્તરા-પોટલા બાંધીને નીકળી જતો હોય છે.તેને બદલે ધામધૂમથી અધિકારીને વિદાય આપવામાં આવે તો એ ઘટના સૂચવે છે કે સંબંધિત અધિકારીએ જિલ્લાના લોકો માટે ખૂબ સરસ કામ કર્યું હશે. આન્ધ્ર પ્રદેશના વતની અને બી.ટેક.અને એલ.એલ. બી.ની પદવી ધરાવતા વાસમસેટ્ટી જ્યાં જાય ત્યાં પોતાની આગવી અદાથી કામ કરે છે. ગાંધીનગર જિલ્લાના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસનાં પદનો કાર્યભાર સંભાળ્યા પછી તરત જ તેઓએ ઘણાં સમયથી નહીં ભરાયેલ લોકદરબાર ભરીને પોતાના પ્રજાલક્ષી અભિગમનો પરિચય આપ્યો હતો.તે પછી શહેરને સતાવતી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ શોધવા માટે તેઓ ઘ-૦ સર્કલ અને ભાઈજીપુરા સર્કલ પાસે રોડ પર દોઢ-બે કલાક ઉભા રહ્યા હતા અને ટ્રાફિકનુ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું.રવિ તેજા જો આ ગતિએ કામ કરતા રહેશે તો પાટનગરવાસીઓને નજીકનાં ભવિષ્યમાં ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળે એવી પૂરતી શક્યતા છે.



● અનુસંધાન પાન-૭ પર

# ભાઈની સુરક્ષા માટે બહેનો દ્વારા રક્ષાની ખરીદી...!



હીન્દુ ધર્મમાં ઓગસ્ટ માસનું અનેરૂ મહત્વ છે.. તહેવારોના મહિના તરીકે ઓળખાતાં ઓગસ્ટમાં હિન્દુ ધર્મને અનુરૂપ અનેક તહેવારો ધાર્મિક લાગણી સાથે ઉજવવામાં આવે છે. રક્ષાબંધન, જન્માષ્ટમી, રાંધણછઠ, નાગ પંચમી, આઠમ, શીતળા સાતમ, ૧૫મી ઓગસ્ટ જેવા અનેક તહેવારો ઓગસ્ટ માસમાં લોકો હર્ષભેર ઉજવણી કરતાં હોય છે. ત્યારે ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનનું પણ ઓગસ્ટમાં જ આગમન થાય છે. આ દિવસને અનુરૂપ વર્ષો કાળથી બહેનો પોતાના ભાઈના કાંડા ઉપર રક્ષા બાંધીને ભાઈના હીત અને સારા આરોગ્ય સહિત ધનવૃધ્ધિ માટે પણ પ્રાર્થના કરે છે તો ભાઈઓ દ્વારા પણ બહેનોની જીવન પર્યાત રક્ષા કરવાનું વચન આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરના બજારોમાં બહેનો દ્વારા પોતાના ભાઈ માટે રક્ષા એટલે કે રાખડીઓ ખરીદી કરવાની શરૂઆત કરી દીધી છે. રક્ષાબંધનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના બજારોમાં પણ વિવિધ રાખડીઓ આકર્ષણ જમાવી રહી છે અને બહેનો દ્વારા હોંશભેર તેની ખરીદી પણ કરવામાં આવી રહી છે. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

### ગાંધીનગર શહેરમાં મુખ્યમાર્ગોથી સેક્ટરોને જોડતા

# ૪૫ એપ્રોચ માર્ગ ફોરલેન કરાયા

### સેક્ટરોમાં કુલ ૭૦ એપ્રોચ માર્ગોને ફોરલેન કરવાનુ આયોજન : પાણી ગટરની નવી લાઇન નાંખવાની યોજનાના લીધે ૨૫ એપ્રોચનુ કામ બાકી : એપ્રોચ માર્ગોને પહોળા કરી અજવાળુ પથરાય તે માટે ડિવાઇડરમાં સ્ટ્રીટ લાઇટ અને આસપાસ વોક વેનુ કામ તૈયાર કરવામાં આવ્યો છે

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા દોઢ દાયકામાં રોડ એન્જિનિયરીંગમાં બદલાવ આવ્યો છે. શહેરમાં વાહનોની સંખ્યા વધતા મેગાસીટીની જેમ ટ્રાફિક વધ્યો છે. વર્ષોના અંતે શહેરના ચાર રસ્તાઓ પાસે ટ્રાફિક સિગ્નલ પણ જબુકતા થયા છે. શહેરના મુખ્યમાર્ગો સિકલલેન છે. થોડા સમય અગાઉ નગરના મુખ્ય ગ માર્ગને પણ સિકસલેન કરવાની યોજનાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. ત્યારે સેકટરોમાં પણ ઈન આઉટ થવાના જંકશન પર ટ્રાફિકનુ ભારણ વધ્યુ છે. જેને અનુલક્ષી નગરના મુખ્ય માર્ગોથી સેકટરોમાં જવાના એપ્રોચને ફોરટ્રેક કરવા માટેની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. જે અન્વયે મહાનગરપાલિકા દ્વારા ૭૦ જેટલા એપ્રોચ ફોરલેન બનાવાનુ આયોજન કરવામા આવ્યુ હતુ. આ પૈકી ૪૫ એપ્રોચ માર્ગોને ફોરલેન કરવાની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે અન્ય બાકી રહેતા ૨૫ એપ્રોચનુ કામ પાણી ગટરની યોજનાનુ કામ પુર્ણ થયા બાદ હાથ ધરવામાં આવશે.

શહેરમાં છેલ્લા દોઢ દાયકા દરમિયાન ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. જેની સાથે રોડ નેટવર્ક



અપગ્રેડ થવાની સાથે મુખ્યમાર્ગોના વિવિધ જંકશન પર ટ્રાફિક સિગ્નલ પણ કાર્યરત છે. નગરના મુખ્યમાર્ગો સિકસલેન કરી દેવાયા છે. જયારે સેકટરોના એપ્રોચને પણ ટ્રાફિકની સરળ અવરજવર માટે ફોરલેન કરવાની યોજના હાથ ધરવામાં આવી હતી જે અન્વયે શહેરના સેકટરોમાં મુખ્યમાર્ગથી સેકટરમાં જવા માટેના ૭૦ જેટલા એપ્રોચ માર્ગોને ફોરલેન કરવા માટે આયોજન કરાયુ હતુ જયારે આ કામગીરી માટે રૂ ૩૦ કરોડના ખર્ચનુ આયોજન કરાયુ હતુ .શહેરમાં આ યોજના અન્વયે અત્યાર સુધી ૪૫ એપ્રોચ માર્ગનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જેની પાછળ રૂ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. કેટલાક સેકટરોમાં રીંગ રોડ તેમજ કેટલાક સેકટરોમાં એપ્રોચ માર્ગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

એપ્રોચ માર્ગને ફોરલેન બનાવાની કામગીરી દરમિયાન માર્ગની બન્ને બાજુ ફુટપાથની સાથે વચાળે ડિવાઈડર અને પુરતુ અજવાળુ પથારય તે માટે સ્ટ્રીટ લાઈટ મુકવાનુ પણ આયોજન કરાયુ છે. જયારે અન્ય બાકી રહેતા ૨૫ માર્ગોને અનુલક્ષી હાલ આ કામગીરી નહીં કરવાનો નિર્ણય લેવાયો છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની લાઈનના લીધે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેથી એપ્રોચ માર્ગોની કામગીરી ઘણાં ઠેકાણે થઈ શકે તેમ નથી અલબત્ત માર્ગોને નુકશાન થાય તેવી સ્થિતિ છે જેને અનુલક્ષીને આગામી દિવસોમાં આ યોજનાનુ કામ પુર્ણ કરાશે. જેથી વર્ષ ૨૦૨૪ માં કામ પુર્ણ થઈ ગયા બાદ બાકીના માર્ગોને ફોરટ્રેક બનાવાની યોજનાનુ કામ હાથ ધરવામાં આવશે.

સેકટરોના એપ્રોચ માર્ગને ફોરલેન કરવાની યોજનાની કામગીરીના અંતે સેકટરોના પ્રવેશદ્વાર સમા એપ્રોચ માર્ગ પર માર્ગ સલામતીના પરિબળો પણ યોગ્ય થશે. જયારે મુખ્યમાર્ગથી સેકટરમાં પ્રવેશવા તેમજ બહાર નિકળવા માટે પણ વાહનચાલકોને યોગ્ય રોડ નેટવર્ક ઉપલબ્ધ થયુ છે. જયારે બાકી રહેતા માર્ગોનુ કામ પણ પુર્ણ કરવામાં આવશે.

# ત્રણ સપ્તાહથી વરસાદની ગેરહાજરી નગરજનો બફારાથી ત્રસ્ત

### શહેરમાં સિઝનનો ૨૨ ઇંચ વરસાદ : જિલ્લામાં પણ સરેરાશ ૫૫.૦૨ ટકા વરસાદ : સૌથી ઓછો કલોલ તાલુકામાં જયારે સૌથી વધુ દહેગામ તાલુકામાં નોંધાયો

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં ગત મહીના દરમિયાન નિખરેલી વરસાદી મોસમના અંતે છેલ્લા ત્રણ સપ્તાહથી મેઘરાજા વારંવાર હાથતાળી આપીને વિદાય લઈ લેતા વરસાદી વાદળો પણ વરસ્યા વિના જ વિખેરાઈ જાય છે. છેલ્લા ૨૫ દિવસથી વરસાદે વિરામ લીધો છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૨ ઈંચ વરસાદ થયો છે. જયારે જિલ્લામાં પણ સરેરાશ ૫૫.૦૨ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં દહેગામ તાલુકામાં સૌથી વધુ ૬૯.૮૮ ટકા અન અને કલોલ તાલુકામાં સૌથી ઓછો ૩૩.૩૪ ટકા વરસાદ વરસ્યો છે. હવામાન તજજ્ઞોના મતે હજુ આગામી દિવસોમાં વરસાદ થવાની સંભાવના છે.

ગાંધીનગરમાં છેલ્લા એક મહીનાથી મોસમનો મિજાજ બદલાયો છે. ગત મહીના દરમિયાન વરસાદી મોસમે જમાવટ કરી હતી. રાજયમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જયારે ગાંધીનગરમાં પણ હળવા ભારે વરસાદી ઝાપટાના લીધે વરસાદી મોસમ નિખરી હતી જો કે છેલ્લા ૨૫ દિવસથી વરસાદે વિરામ લીધો છે. શહેરમાં વરસાદી વાદળો પણ અદ્રશ્ય રહેતા દિવસ દરમિયાન નગરજનો બફારો વેઠી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૭૫ મી મી જેટલો વરસાદ થઈ ગયો છે. આમ જોવા જઈએ તો ગાંધીનગરમાં સિઝનનો સરેરાશ વરસાદ અંદાજિત ૩૨ ઈંચ જેટલો નોંધાય છે. જયારે ઓગષ્ટ અંત સુધીની સ્થિતિમાં શહેરમાં ૨૨ ઈંચ જેટલો વરસાદ થયો છે. અલબત્ત શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૭૨ ટકા વરસાદ થયો છે. જયારે જિલ્લામાં પણ વરસાદનો આંકડો હજુ ઓછો છે. જિલ્લામાં અત્યાર સુધી સરરેરાશ ૫૫.૦૨ ટકા વરસાદ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાંદેસણની શુકન હાઈટ્સમાં સાતમાં માળે આગ

### ફાયર બ્રિગેડ દ્વારા ૮૦ જેટલા રહીશોને સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા : આગના કારણે બી/૭૦૧ વસાહતનો એસી વાયરીંગ સહિત ઘરવખરીનો સામાન બળીને ખાખ :

ગાંધીનગર,તા.૨૭ ફોટો

ગાંધીનગર રાંદેસણ વિસ્તારમાં શુકન હાઈટ્સ ફલેટમાં સાતમા માળે ગતરાત્રીના અચાનક આગ ભભુકી ઉઠી હતી. આગ લાગતા સ્થાનિક ફલેટવાસીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. બનાવની જાણ થતા ફાયર ટીમ જવાનો સાથે પહોંચી ગઈ હતી. ફાયર ટીમે ફલેટના ૮૦ જેટલા રહીશોને સલામત રીતે નીચે ઉતાર્યા હતા. જયારે સાતમા માળે લાગેલી આગ પર પાણીનો છંટકાવ કરી ભારે જહેમત બાદ કાબુ મેળવતા રહીશોએ રાહત અનુભવી હતી. જયારે આગને પગલે બેડરૂમમાં રહેલ ઘરવખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો.

મળતી વિગત મુજબ ગાંધીનગર રાંદેસણ ગામની સીમમાં સીટી પ્લસ થિયેટર નજીક આવેલી શુકન હાઈટ્સ સોસાયટી ખાતે બી.૭૦૧ ખાતે રહેતા સોનલબેન સુરેશભાઈ સોની રહે છે. તેઓ ગતસાંજના સુમારે સત્સંગમાં ગયા હતા.ત્યારે ગતરાત્રીના સમયે તેમના બંધ ફલેટમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગણતરીના સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. સોસાયટી સહિત આસપાસના વસાહતીઓ પણ ચિંતિત નજરે પડી રહ્યા હતા. શુકન હાઈટ્સમાં અચાનક આગ લાગતા રહીશોમાં દોડધામ મચી ગઈ હતી. જયારે આગની જાણ થતા સોસાયટીના રહીશો દોડીને નીચે આવી ગયા હતા. બનાવની જાણ ફાયર વિભાગને કરતા ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુર અને સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી સહિત ટીમના જવાનો તાત્કાલીક દોડી આવ્યા હતા. ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરે સૌ પ્રથમ કેટલાક ફલેટના રહીશોની સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા હતા.ત્યારબાદ દસ્તુર ટીમની સાથે સાતમા માળે પહોંચી ગયા હતા. પરંતુ ઘરનો દરવાજો લોક હોવાથી તોડીને અંદર નજર કરતા બેડરૂમ આગની જવાળાઓની ઝપેટમાં આવી ગયો હતો. ફાયર જવાનોએ હજ્જારો લીટર પાણીનો મારો





ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. આગમાં એસી. વાયરીંગ સહિત ઘરવખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. જયારે ગુજરાત ગેસ કંપનીના અધિકારી-કર્મચારીઓ દોડી આવીને પાઈપ લાઈનનો ગેસ પુરવઠો બંધ કરી દીધો હતો.

આ અંગે ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરે જણાવ્યું હતુ કે અમારી પહેલી પ્રાથમિકતા રહીશોને સલામત સ્થળે ખસેડવાની હતી. સાતમાં માળે લાગેલી આગને પગલે રહીશોને ગ્રાઉન્ડ ફલોર પર મોકલી આપ્યા હતા. ફલેટ બંધ હોવાથી દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશી પાણીનો મારો સતત ચલાવી ભારે જહેમતબાદ આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે આગમાં એસી, વાયરીંગ સહિત ઘરવખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો. આગ પર કાબુ મેળવતા નાગરીકોને રાહતનો રાહત અનુભવી હતી. સદનસીબે આગમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.જો કે આગ શોર્ટસર્કિટથી લાગી હોવાનું ફાયર વિભાગની પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યું છે.

# સર્વોદયનગરમાં સ્ટ્રીટ લાઈટો ડુલ

### સેક્ટરમાં બે સપ્તાહથી સ્ટ્રીટ લાઇટો ચાલુ થતી નથી : રખડતા ઢોરની સમસ્યા વચ્ચે રાત્રિના સમયે અંધારુ છવાતા રહીશોમાં ભયની લાગણી

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં ઠેક ઠેકાણે નતનવી સમસ્યાઓ જોવા મળી રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં એકબાજુ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી જેના લીધે સ્ટ્રીટ લાઈટોના થાંભલા માટે વૃક્ષોની તોતિંગ ડાળીઓ આડશ બનતા ઘણાં ઠેકાણે પુરતુ અજવાળુ પથરાતુ નથી. બીજીતરફ સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. સે-૩૦ સર્વોદય નગરમાં પણ છેલ્લા ૧૫ દિવસથી આવી જ સ્થિતિ છે. આ વિસ્તારમાં રાત્રિના અંધારપટ્ટના લીધે સ્થાનિકોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા માટે સ્થાનિકોએ પ્રબળ માંગણી કરી છે.

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે સેકટરોમાં લાઈનના ખોદાણ દરમિયાન અનેકવિધ સમસ્યાઓ પણ સર્જાય છે. સેકટરોમાં ઘણીવાર હયાત પાણીની લાઈનમાં પણ ભંગાણ થતા પાણી પુરવઠો પ્રભાવિત થાય છે. જયારે ખોદકામ દરમિયાન વિજળીના કેબલ પણ કટ થવાની સાથે સ્ટ્રીટ લાઈટો પણ ડુલ થઈ જતી હોવાની ફરિયાદો વધી છે. હાલ વરસાદી દિવસો ચાલી રહ્યા છે. ત્યારે સેકટરોમાં આમ પણ દુવિધાઓનો ઢગ મંડરાયેલો છે. સેકટરોમાં ઉબડ ખાબડ બનેલા માર્ગો વચ્ચે ગંદકીના ઢગ જોવા મળે છે. આ સ્થિતિમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા સેકટરવાસીઓ માટે સાંજના સમય બાદ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બને છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com